# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૫

## જવાબપત્ર - ૫

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(છપૈયા, નિર્ભય, ૧૮૫૭, સાત, અદ્વૈતાનંદ, અદ્‌ભુતાનંદ)**

**૧.** સંવત્ **૧૮૫૭** ના કારતક સુદ ૧૧ના દિવસે રામાનંદ સ્વામીએ નીલકંઠને દીક્ષા આપી.

**૨.** ઘનશ્યામનો જન્મ **છપૈયા** ગામમાં થયો હતો.

**૩.** નીલકંઠવર્ણીએ **સાત** વર્ષ સુધી વન વિચરણ કર્યું.

**૪.** નીલકંઠ **નિર્ભય** પણે જંગલમાં વિચરતા હતા.

**૫.** મહારાજે મગનીરામને દીક્ષા આપી **અદ્વૈતાનંદ** નામ પાડ્યું.

**વિભાગ-બ**

**(પરબ્રહ્મ, પવિત્ર, યોગીજી, નિજમંદિર, ભણે, પ્રમુખસ્વામી મહારાજ)**

**૬.** શિખર નીચે જ્યાં મૂર્તિઓ પધરાવાય છે તેને **નિજમંદિર** કહેવાય.

**૭.** પ્રમુખસ્વામી મહારાજના ગુરુ **યોગીજી** મહારાજ છે.

**૮.** જ્ઞાન આપનાર ખરા ગુરુ સાક્ષાત્ **પરબ્રહ્મ** છે.

**૯.** શુદ્ધ વર્તનથી **પવિત્ર** બનીએ.

**૧૦.** જે સારી રીતે **ભણે** તે શ્રીજી અને સ્વામીને ગમે.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને ગાદી આપી. | **૧.** | X |
| **૨.** | ગૃહત્યાગ વખતે ઘનશ્યામની ઉંમર અગિયાર વર્ષ હતી. | **૨.** | ✓ |
| **૩.** | મહારાજે સાધુઓને આજ્ઞા કરી કે, 'જ્યાં સગવડ દેખો ત્યાં મુકામ કરજો.' | **૩.** | X |
| **૪.** | ધર્મદેવની સાથે કાશીએ જવા રામપ્રતાપભાઈ તૈયાર થયા. | **૪.** | X |
| **૫.** | જયરામદાસ સાધુ બની મહારાજ સાથે જ રહ્યા. | **૫.** | ✓ |
| **૬.** | સ્વામિનારાયણ મંત્રનું રટણ કરતાં મુક્તાનંદ સ્વામીને સમાધિ થઈ. | **૬.** | X |
| **૭.** | અંતકાળે મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને વડતાલથી બોલાવ્યા. | **૭.** | X |
| **૮.** | ભગવાનના ઘરને મંદિર કહે છે. | **૮.** | ✓ |
| **૯.** | મહારાજના સાધુઓ દુશ્મન પર દયા કરે. | **૯.** | ✓ |
| **૧૦.** | હોટલનું ખાવાથી સારા વિચારો આવે છે. | **૧૦.** | X |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

**૧.** ઘનશ્યામે કયા માર્ગને શ્રેષ્ઠ માર્ગ જાહેર કર્યો ?

**(૧) ભક્તિમાર્ગને** (૨) જ્ઞાનમાર્ગને (૩) બંને માર્ગને — **૧.** ૧

**૨.** કોને નીલકંઠ મહાન યોગી લાગ્યા ?

(૧) રામાનંદ સ્વામીને (૨) બ્રહ્માનંદ સ્વામીને **(૩) મુક્તાનંદ સ્વામીને** — **૨.** ૩

**૩.** મહારાજે કયા ગામમાં છોકરાઓને સમાધિ કરાવી હતી ?

**(૧) ગઢડા** (૨) વડતાલ (૩) ગોંડલ — **૩.** ૧

**૪.** જ્ઞાનીનું નિશાન શું છે ?

(૧) સોનામહોર (૨) છરી **(૩) ગ્રંથ** — **૪.** ૩

**૫.** રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ક્યારે ગાદી સોંપી ?

(૧) સંવત્ ૧૮૫૭ **(૨) સંવત્ ૧૮૫૮** (૩) સંવત્ ૧૮૩૭ — **૫.** ૨

**૬.** હિમાલયમાં મળેલા બાવાઓ ઘનશ્યામને કયા નામે બોલાવવા માંડ્યા ?

(૧) ઘનશ્યામવર્ણી **(૨) નીલકંઠવર્ણી** (૩) સરજૂદાસ — **૬.** ૨

**૭.** મહારાજે કયા ગામમાં અહિંસક યજ્ઞ કર્યો ?

(૧) અમદાવાદ (૨) ગોંડલ **(૩) જેતલપુર** — **૭.** ૩

**૮.** તેજાભાઈ વણકર કયા ગામના હતા ?

(૧) અમદાવાદ **(૨) છાણી** (૩) ગઢડા — **૮.** ૨

**૯.** શિક્ષાપત્રીમાં માતા, પિતા, ગુરુ અને કોની સેવા કરવાનું કહ્યું છે ?

(૧) ભાઈની **(૨) બિમારની** (૩) સગા વહાલાની — **૯.** ૨

**૧૦.** ઘનશ્યામે ક્યારે ગૃહત્યાગ કર્યો ?

**(૧) અષાઢ સુદ દશમે** (૨) જેઠ સુદ દશમે (૩) કારતક વદ દશમે **૧૦.** | ૧ |

**૧૧.** કોણ આંબાના થડની સાથે અથડાઈને મરી ગયો ?

(૧) પિબક **(૨) કાલીદત્ત** (૩) મગનીરામ **૧૧.** | ૨ |

**૧૨.** કોના જન્મથી છપૈયા મોટું તીર્થ બની ગયું ?

(૧) રામપ્રતાપભાઈના (૨) મૂળજીના **(3) ઘનશ્યામના** **૧૨.** | 3 |

**૧૩.** જયરામદાસને નીલકંઠ સહજાનંદરૂપે ક્યાં મળ્યા ?

(૧) જગન્નાથપુરીમાં (૨) અયોધ્યામાં **(3) લોજમા** **૧૩.** | 3 |

**૧૪.** શાસ્ત્રીજી મહારાજના ગુરુ કોણ છે ?

**(૧) ભગતજી મહારાજ** (૨) શ્રીજી મહારાજ (૩) યોગીજી મહારાજ **૧૪.** | ૧ |

**૧૫.** મહારાજે ક્યા ગામમાં શિક્ષાપત્રી ગ્રંથ લખ્યો ?

(૧) વડોદરા **(૨) વડતાલ** (૩) બોચાસણ **૧૫** | ૨ |

**૧૬.** મહારાજની ઘોડી ચોરવા કયો લૂંટારો ડભાણ ગયો હતો ?

(૧) તખોપગી (૨) રૂખડપગી **(3) જોબનપગી** **૧૬.** | 3 |

**૧૭.** આપણે પ્રમુખ સ્વામીના કેવા બાળક બનવું જોઈએ ?

(૧) ડાહ્યા **(૨) સાચા** (૩) હોંશિયાર **૧૭.** | ૨ |

**૧૮.** જ્યાં વહેમ હોય ત્યાં શું ન હોય ?

(૧) શ્રધ્ધા (૨) અંધશ્રધ્ધા **(3) હરિ** **૧૮.** | 3 |

**૧૯.** સ્વામીની વાતો એટલે કોના મહિમાની વાતો ?

**(૧) શ્રીજી મહારાજના** (૨) નિત્યાનંદ સ્વામીના (૩) પ્રમુખ સ્વામી મહારાજના **૧૯.** | ૧ |

**૨૦.** 'માતૃદેવો ભવ' આવું કોણ શીખવે છે ?

**(૧) વેદો** (૨) ઘોષણા (૩) સંતો **૨૦.** | ૧ |

**૨૧.** મહારાજ ક્યાં ધામમાં ગયા ?

(૧) જૂનાગઢમાં **(૨) ગઢડામાં** (૩) ગોંડલમા **૨૧.** | ૨ |

**૨૨.** જૂનાગઢની સવારીમાં છોકરો મહારાજને શું આપવા આવ્યો ?

(૧) મોગરી (૨) કમળકાકડી **(3) કાકડી** **૨૨.** | 3 |

**૨૩.** કોણ વયમાં નાનો પણ ગુણમાં મોટો છે ?

**(૧) ઘનશ્યામ** (૨) રામપ્રતાપભાઈ (૩) શંકરાચાર્ય **૨૩.** | ૧ |

**૨૪.** જયરામદાસને કેટલા દિવસે નીલકંઠવર્ણીનો પત્તો લાગ્યો ?

(૧) દસ (૨) ત્રીસ **(3) વીસ** **૨૪.** | 3 |

**૨૫.** અમદાવાદમાં કઈ સરકારનું રાજ્ય હતું ?

(૧) મોગલ **(૨) પેશ્વા** (૩) બ્રિટીશ **૨૫.** | ૨ |

૨૬. ઘનશ્યામના પિતાનું નામ શું હતું ?

(૧) અયોધ્યાપ્રસાદ (૨) ઈચ્છારામ **(૩) ધર્મદેવ** ૨૬. | ૩ |

૨૭. ઘનશ્યામ રાધાકૃષ્ણના મંદિરમાં શેની કથા સાંભળતા હતા ?

(૧) શિવપુરાણની **(૨) ભાગવતની** (૩) રામાયણની ૨૭. | ૨ |

૨૮. મહારાજ કોની પેઠે અજવાળું આપે છે ?

**(૧) સૂરજની** (૨) મીણબત્તીની (૩) વીજળીની ૨૮. | ૧ |

૨૯. કોણે બાવાને તલવાર પાછી લેવા કહ્યું ?

(૧) મુક્તાનંદ સ્વામીએ **(૨) બ્રહ્માનંદ સ્વામીએ** (૩) નિત્યાનંદ સ્વામીએ ૨૯. | ૨ |

૩૦. સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે કેટલા વરદાન માંગ્યા ?

(૧) એક (૨) ત્રણ **(૩) બે** ૩૦. | ૩ |

૩૧. રામાનંદ સ્વામીનો આશ્રમ કયા ગામમાં હતો ?

**(૧) લોજ** (૨) માંગરોળ (૩) પંચાળા ૩૧. | ૧ |

૩૨. મહારાજનું ધામ કયું છે ?

**(૧) અક્ષરધામ** (૨) વૈકુંઠ (૩) ગોલોક ૩૨. | ૧ |

૩૩. મગનીરામ મહારાજને ક્યાં મળ્યો ?

(૧) કારિયાણીમાં **(૨) માંગરોળમાં** (૩) અમદાવાદમાં ૩૩. | ૨ |

૩૪. ''જય સદ્‌ગુરુ સ્વામી'' આરતી કોણે બનાવી છે ?

**(૧) મુક્તાનંદ સ્વામીએ** (૨) ભૂમાનંદ સ્વામીએ (૩) શુકમુનિ સ્વામીએ ૩૪. | ૧ |

૩૫. માંસ અને ઈંડા ખાવાથી શું બગડે છે ?

(૧) શરીર (૨) મન **(૩) બંને** ૩૫ | ૩ |

૩૬. મહારાજના સંતો કયા ગામમાં નદી-તળાવની શેવાળ જમતા હતા ?

(૧) ગઢડામાં **(૨) જામનગરમાં** (૩) વડોદરામાં ૩૬. | ૨ |

૩૭. નીલકંઠને આસામના ગામમાં કોણ મળ્યો ?

**(૧) પિબક** (૨) મગનીરામ (૩) સેવકરામ ૩૭. | ૧ |

૩૮. મહારાજે શીતલદાસને કયો મંત્ર આપ્યો ?

(૧) શ્રીકૃષ્ણનો **(૨) સ્વામિનારાયણનો** (૩) નરનારાયણનો ૩૮. | ૨ |

૩૯. મહારાજનો અગ્નિસંસ્કાર ક્યાં કરવામાં આવ્યો ?

**(૧) લક્ષ્મીવાડીમાં** (૨) જ્ઞાનબાગમાં (૩) અક્ષરવાડીમાં ૩૯. | ૧ |

૪૦. રામાનંદ સ્વામીએ નીલકંઠને દીક્ષા આપી કેટલા નામ આપ્યાં ?

(૧) ત્રણ (૨) એક **(૩) બે** ૪૦. | ૩ |

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો. [૧૦]**

**૧.** સિંહે બકરીને મદદ કરવાનું શા માટે વિચાર્યું ?

**જ. બકરીએ સિંહના પંજાનું શરણ લીધું હતું. આથી સિંહે વિચાર્યું કે બકરી તો પોતાના શરણે આવેલી છે તેથી તેથી તેને મદદ કરી.**

**૨.** કોણે જોબનપગીને વર્ષાસન બાંધી આપ્યું ?

**જ. વડોદરાના મહારાજાએ જોબનપગીને વર્ષાસન બાંધી આપ્યું.**

**૩.** પ્રાણવલ્લભની છેલ્લી ઈચ્છા શું હતી ?

**જ. પ્રાણવલ્લભની છેલ્લી ઈચ્છા હતી કે તેને સૌને જણાવવું હતું કે શ્રીજીમહારાજ અક્ષરધામ લઈ જવા / તેડી જવા સ્વયં આવ્યા છે.**

**૪.** આણંદમાં અપમાન થયાં બાદ મહારાજે કાઠી દરબારોને શું કહ્યું ? / સમજાવ્યું ?

**જ. મહારાજે સમજાવ્યું કે સામાસામી મારામારી કરવાથી કાંઈ મારમારીનો અંત ન આવે ! એનાથઈ તો ઉલટાં વેરઝેર વધે ! માટે આપણે હંમેશાં શાંત રહેવું, કદીયે ઉશ્કેરાવું નહિ !**

**૫.** નીલકંઠવર્ણીને દિક્ષા આપ્યા બાદ રામાનંદ સ્વામી એ શું / કયું નામ આપ્યું ?

**જ. દીક્ષા આપ્યા બાદ રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને - સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ એમ બે નામ આપ્યાં ?**

**૬.** નીલકંઠવર્ણીએ એવું શું કર્યું કે જેથી પિબેક એમના પગમાં પડી ગયો ?

**જ. નીલકંઠવર્ણીએ મનમાં પ્રાર્થના કરી ઠુંઠા સામે હાથ ઊંચા કર્યા તો જોતજોતામાં ઠૂંઠાને ડાળ-પાંદડાં આવ્યા, ફળફુલ આવ્યા, ને તેનું સુંદર ઘટાદાર વૃક્ષ બની ગયું. આ જોઈને પિબેક નીલકંઠવર્ણીના પગમાં પડી ગયો.**

**૭.** બાવાઓ ઘનશ્યામને નીલકંઠવર્ણી શા-માટે બોલાવતા ?

**જ. જેવી રીતે શિવ ભગવાન હળાહળ ઝેર પી ગયા અને નીલકંઠ બન્યા તેમ નીલકંઠ (ભયને પી ગયા) / સાધુઓ તેમને નીલકંઠવર્ણી તરીકે બોલાવતા.**

**૮.** દુનિયામાં / જગતમાં કયા ત્રણ જણનો જય જય કાર થાય છે ?

**જ. જગતમાં રાજાનો, ધનવાનનો અને જ્ઞાનીનો જે જે કાર થાય છે.**

**૯.** ઘનશ્યામે કાશીની ચર્ચાનો શું નિર્ણય આપ્યો ?

**જ. ધર્મશાસ્ત્રોના પુરાવા ટાંકી ટાંકીને ઘનશ્યામે બેય પક્ષોનું તોલન કર્યું અને ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે એવું જાહેર કર્યું.**

**૧૦.** રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દિક્ષા ક્યારે આપી ?

**જ. સંવત ૧૮૫૭ કારતક સુદ એકાદશી (૨૮ ઓક્ટોબર સંવત ૧૮૦૦)ના દિવસે રામાનંદ સ્વામીએ નીલકંઠને દિક્ષા આપી.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. આપણે ભગવાનના.....

**જ. આપણે ભગવાનના છીએ પણ માયાના નથી, એમ માનવું.**

૨. નિરંતર સર્વ ક્રિયામા.....

**જ. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.**

૩. આપણે તો અક્ષરધામમા.....

**જ. આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.**

૪. કરોડ કામ બગાડીને.....

**જ. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?**

૫. કેટલેક રૂપિયે આંખ,.....

**જ. કેટલેક રૂપિયે આંખ, કાન, નાક, આદિક ઇંદ્રિયુ મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ......... તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

**જ. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

૨. નાના નાના બાળ ......... પ્રભુને પ્રણામ કરશું.

**જ. નાના નાના બાળ અમે, સ્વામીને વ્હાલા બાળ અમે,**
**શ્રીજીને વ્હાલા બાળ અમે, સંતોને વ્હાલા બાળ અમે...અક્ષર**
**વહેલા ઉઠી ધ્યાન ધરશું, નાહી ધોઇને પૂજા કરશું,**
**'સ્વામિનારાયણ' મંત્ર ભણશું, પ્રગટ પ્રભુને પ્રણામ કરશું...અક્ષર**

૩. નિત્ય નિત્ય નૌતમ, ......... કુટુંબ સહિત તરશે.

**જ. નિત્ય નિત્ય નૌતમ, લીલા કરતા અવિનાશી; (૨)**
**અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી.... જય.૦**
**પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે, (૨)**
**કાળકર્મથી છૂટી (૨), કુટુંબ સહિત તરશે.... જય.૦**

૪. ત્વમેવ માતા ......... સર્વં મમ દેવદેવ ॥

**જ. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ**
**ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।**
**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ**
**ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥**

૫. એકડે એક, ......... શ્રીજીને નમસ્કાર.

**જ. એકડે એક શ્રીજીની રાખો ટેક**
**મારા બંધુ કલ્યાણ લેવું સહેલ છે......**
**બગડે બેય, શ્રીજીનું નામ લેય...........મારા બંધુ ૦**
**ત્રગડે ત્રણ, શ્રીજીનું લે શરણ ............મારા બંધુ ૦**
**ચોગડે ચાર, શ્રીજીને નમસ્કાર............ મારાબંધુ ૦**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** ઘનશ્યામનો ગૃહત્યાગ

**૨.** આપણી શોભા વધી છે.

**૩.** મંદિર